Navgujarat Samay

EDII

03 December, 2021
Page No.04

# ઇડીઆઇઆઈએ દિવ્યાંગજનો માટે રમતગમત સ્પર્ધા યોજી

**નવગુજરાત સમય** > અમદાવાદ: આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ), અમદાવાદના દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રએ



દિવ્યાંજનોમાટે રમતગમત સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ વિસ્તારોમાંથી 64 ટીમ આવી હતી અને ચાર અલગ-અલગ રમતોમાં સામેલ થઈ હતી. આ ચાર રમત હતી - બેડમિન્ટન, કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ. આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'અમે દિવ્યાંગજનોના સંપૂર્ણ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા આ રમતગમત સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ પ્રકારના કાર્યક્રમોના માધ્યમથી અમે લોકો દિવ્યાંગજનો વચ્ચે એક સકારાત્મક વાતાવરણ તૈયાર કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ, જેથી તેમને મુખ્ય પ્રવાહ સાથે જોડી શકાય અને સાથે સાથે તેમના સતત વિકાસને ઈડીઆઈઆઈના સતત પ્રયાસોથી વેગ આપી શકાય.' કાર્યક્રમના મુખ્ય અતિથિ પેરા ઓલિમ્પિયન પારૂલ પરમાર હતાં, જેમણે કાર્યક્રમની પ્રશંસા કરીને કહ્યું હતું કે, આ પ્રકારની રમતગમત સ્પર્ધા દિવ્યાંગજનોની દ્રઢતા અને આત્મવિશ્વાસને વધારશે. દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્રના સંચાલક ડો. અમિતકુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, આ કેન્દ્ર દ્વારા અમે લોકો આખું વર્ષ વિવિધ પ્રકારના તાલીમ કાર્યક્રમનું આયોજન કરીએ છીએ, જેથી દિવ્યાંગજનોને ઉદ્યોગસાહસિક બનવા અને સ્વરોજગારી મેળવવા તરફ અગ્રેસર કરી શકાય. આજે આ કાર્યક્રમ દ્વારા અમે રાજ્યના દિવ્યાંગજનોને રમતગમત માટે પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે.